સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

બાબા ને બાપુઓ પ્રચારથી 'હીરો' થઇ જાય છે,
હળદર ને ગાંગડે એવા, 'વીરો થઇ જાય છે,'
ને ફૂટે કારસ્તાનનો ફુગ્ગો, 'ઝીરો' થઇ જાય છે,
ચૂંથાય ચારિત્ર્ય, આબરૂનો 'લીરો' થઇ જાય છે
(ઇશ્વરના પ્રતિનિધિ?!)

આજ્ઞા, દબાણો -
સેન્સરનું સેન્સર
વટ-'હુકમો'
(ગુપ્ત કટોકટી)

લીધા લપેટે
પેરે અંદરૌદર
ને કાપાકાપી..
(ચાણક્ય ચાલ)

ચિંતન

પ્રત્યૂહઃ સર્વ સિદ્ધિ નામુત્તાપઃ પ્રથમઃ કિલ । અતી શિતલમ પ્યમ્ભઃ કિં ભિનત્તિ ન ભૂભૃતઃ ॥

ગરમ થઇ જવું, ઉશ્કેરાઇ ને ગુસ્સો કરવો એ કોઇ પણ કાર્યની સિદ્ધિ-સફળતામાં મોટું વિઘ્ન છે. અર્થાત ઉશ્કેરાટ અને ઉતાવળ માટે ગુસ્સે થવાથી જ કંઇ કોઇ કાર્યમાં ઝડપ કે અંત જલદી આવે છે એવું નથી ઉલ્ટું વિઘ્ન અને અસહકારને કારણે કાર્ય ફલિત થતું નથી.

જયારે શાંત ચિત્તે-ધીરજપૂર્વક-ઠરેલ પ્રકૃતિથી ધીમે ધીમે કાર્ય કરવાથી કામ પુરું થતું નથી એવું નથી. આપણે જોયું છે - પર્વતોની વિશાળ શિલાઓ જે લોખંડી બંધારણ ધરાવે છે. છતાં વર્ષોથી એકધારું ઠંડુ-શીતળ અને ધીમે ધીમે વહેતું પાણી આવી કઠોર-મજબૂત શિલા પર પણ પોતાના માર્ગનો આંક પાડી નાખે છે.

અર્થાત કોઇ પણ કામ ઠંડા ચિત્તે-શાંત મન-મગજ દ્વારા, ઉશ્કેરાટ અને ગુસ્સા વિના પણ કરવાથી સિદ્ધિ-સફળતાને પ્રાપ્ત કરે જ છે. ઉલ્ટું ગુસ્સાથી બગડે છે.

સુવિચાર

- જે વસ્તુ પાસે ન હોય તેની તૃષ્ણા કરવાથી જે વસ્તુ પોતાની પાસે છે તેનું સુખ પણ અનુભવાયું નથી. આકાશના તારા પ્રાપ્ત કરવાની ઇચ્છાને પરિપૂર્ણ કરવા મથતી વ્યક્તિ પગ પાસે ખીલેલાં પુષ્પોનો આનંદ માણી શકતો નથી - કાન્તિ ભટ્ટ
- સુખ અને દુઃખ એ બેમાં સુખ છે કેવળ પોષક, જયારે દુઃખ બોધક છે, સુખ જીવનરૂપી મહાસાગરમાં કેમ તરવું તે શીખવે છે. દુઃખ એ મહાસાગરમાં ડૂબકી લગાવીને તેની અંદરથી મહાન તત્ત્વરૂપી મોતી લઇ આવવાની કળા અને હિંમત આપે છે- શાહબુદ્દીન રાઠોડ
- સહનની આવડત હોય તો મુસીબતમાં ય રાહત છે.. હૃદય જો ભોગવી જાણે તો દુઃખ પણ એક દોલત છે - શૂન્ય પાલનપુરી
- એ વાત સતત યાદ રહે કે જે સર્જાય છે તે નષ્ટ પણ થઇ જાય છે, જે આટલું યાદ રાખે તેને કાંઇ પણ નષ્ટ થતાં કષ્ટ થતું નથી - એસ. ભટ્ટાચાર્ય
- શ્રદ્ધાનું સીધેસીધું રૂપાંતર સફળતામાં કદી થતું નથી, શ્રદ્ધા અને સબૂરીની વચ્ચે શ્રમ શબ્દ અધ્યાહાર રહેલો છે, માણસને એટલું સમજાય તો એ સમજ સુખની મનીબેક ગેરંટી બની રહેશે - ચંદ્રકાન્ત બક્ષી
- કેદમાંથી છોડાવનારા જૂઠ કરતાં કેદમાં મોકલનારનું સત્ય ઉત્તમ છે - દર્શક
- તમે લોકો સત્યને કાવ્ય મારફતે પામો છો, હું સત્ય મારફતે કાવ્ય પામું છું - અનુપમા ચાફીક

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે ઉપરછલો સત્સંગ, ટૂંકસારનું વાચન, ધર્મના થોડાં પુસ્તકો ઉથલાવી પલ્લવગ્રાહી પાંડિત્યની ડાળે બેસી કથા-વાર્તા-વ્યાખ્યાનની દૂકાન ખોલી વેપાર શરૂ કરી દઇએ. બીજાને સુધારવામાં આપણી 'બગડી' જાય એ તો દેખાતું જ નથી. ભાઇ, બાપુ, દાદા થઇ દંભમાં મજા માણીએ છીએ.

એક ગામના પટેલ શહેરમાં ખરીદી કરવા ઉપડ્યા. ત્યારે વાહન-વ્યવહારને બજારોનો વિકાસ નો'તો. ગામનો વેપારી કે પટેલ ગાડું કરી શહેરમાં જતો - બધાં સગા-સંબંધી પણ પોતાને મંગાવવાની વસ્તુની યાદી અને પૈસા પટેલને આપી ગયા.

પટેલ શહેરની બજારમાં ઉપડ્યા. વિચાર્યું પહેલાં સગાં-સંબંધીની ખરીદી લઉં પછી ભાતું ખાઇ ગાડા નીચે આરામ કરી બપોર પછી ઘરની ખરીદી કરીશ.

બીજાની ખરીદીમાં જ ગાડું ભરાઇ ગયું અને પટેલ થાકીને ઢીલા થઇ ગયા. ખાધું અને આરામ કર્યો - આંખ મિંચાઇ ગઇ. ત્યાં સાંજ ઢળી ગઇ. બજાર ઉઠી ગઇ - પટેલ પાછા આવ્યાં.

બધા પોત-પોતાની વસ્તુ લઇ ગયાં. ગાડું ખાલી થઇ ગયું. પટલાણીએ પૂછ્યું આપણું કંઇ ન લઇ આવ્યા! પટેલ કહે - બીજાને સંતોષ આપવામાં ખરીદીમાં જ હું થાકી ગ્યો! - ને પોતાનું તો રહી જ ગ્યું!!

(બીજાને સુધારવા મથતા કરતાં જાતને સુધારો.)

Email - sureshchandrabhatt18@gmail.com

ભાષાગત, અર્થગત અને કલાગત સભાનતાથી આશાવાદ અને પ્રેમ જગાવી માનવજીવન ધન્ય બનાવે તેવા ઉદ્દેશવાળી ગઝલો

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગઝલ વિષે એવું કહેવાય છે કે સૃષ્ટિના પંચતત્ત્વ પરમાણુને જે સાકારિત કરતું તત્ત્વ વિધાન એટલે ગઝલ, આકારથી નિરાકારને જ્ઞાન-અતિજ્ઞાનથી અજ્ઞાતના પંથનું ખેડાણ એટલે ગઝલ. સ્થૂળ-સૂક્ષ્મના ચક્ર-વિચક્રના ચકરાવામાં શૂન્ય નિર્દેષનું નિર્માણ કરાવતી અતિશૂન્ય સંજ્ઞા એટલે ગઝલ.

"હૂંફ જેવું વિશ્વમાં વ્યાપી ગયું
પાસ પાસે આપણે બેઠા હતા
છે હવાના હોઠ પર ખામોશીઓ,
શબ્દના ઉચ્ચારણે બેઠા હતા."

હાં, આજે મારે તમને હવાના હોઠ પર ખામોશીઓ લઇને બેઠેલા ગઝલકાર ફિલિપ કલાર્કના તાજેતરમાં પ્રગટ થયેલ ગઝલ સંગ્રહ 'હવાના હોઠ પર' વાત કરવી છે.

આ ગઝલ સંગ્રહમાંથી પસાર થતાં માતબર સંખ્યામાં એટલે કે ૧૮૪ જેટલી ગઝલો આપણને મળે છે. જેમાં ભાવ-સંવેદન સંદર્ભે અને અંદાઝેબયાંની તકકિબોમાં ગઝલકારનો આધુનિક મિજાજ જોઇ શકાય છે. તેમની ગઝલોમાં પરંપરાનું અનુસંધાન ધરાવતાં વિષયો જેવા કે પ્રણયભાવ, પ્રણયવિરદ, વિયોગનો વિષાદ, પ્રણયમિલન્કી નાજુક ક્ષણો, ઇશ્વરીય શ્રદ્ધાનો રણકો, સ્મરણ, અધ્યાત્મ જેવી અનુભૂતિઓ સાથે ગઝલ નિસ્બત અને શબ્દ ઉપાસના જોવા મળે છે. તો વળી કેટલીક ગઝલોમાં નગર સભ્યતા, માનવ અસ્તિત્વ અને તેની પીડા જેવા આલેખિત ભાવોથી આધુનિકતાનો રણકો સાંભળી શકાય છે. તેમની ગઝલોમાંથી સિદ્ધ થતું કાવ્ય સૌંદર્ય, વિવિધ અર્થ સંદર્ભો અને ભાવ સંદર્ભોનું વિશ્વ, ભાવની સઘનતા અને ગહનતા, કલ્પાની સમૃદ્ધતા અને અંદાઝેબયાંની તાજગી ફિલીપની ગઝલોની આગવી લાક્ષણિકતા બની રહી છે.

ગઝલકાર પોતે ગઝલને શું સમજે છે તે સ્પષ્ટ કરવા માટે સંગ્રહમાં શરૂઆતમાં જ તેમણે પોતાની કેફીયત રજૂ કરી છે તેઓ ગઝલને ઊર્મિ કાવ્યનો એક પેટા પ્રકાર સમજે છે. એ તેમની કેફિયતના શિર્ષક ઉપરથી જ પ્રતિપાદિત થાય છે. તેઓ લખે છે કે 'ગઝલ એ અરબી સાહિત્ય પ્રકાર છે. અરબી શહબ્દ પરથી બનેલા ગઝલ શબ્દનો અર્થ થાય છે હરણનું બચ્ચું. શ્રી ફિરાક ગોરખપુરી ઉર્દૂ સાહિત્યના ઇતિહાસમાં ગઝલનો અર્થ કરતાં કહે છે કે 'ગઝલ એટલે તીર ખૂપેલાં હરણની ચીસ. એનો અર્થ એ થયો કે ગઝલ એ દર્દનો વિષય છે, દર્દ જેટલું વધારે ઘુંટાય એટલી ગઝલ સમૃદ્ધ બને.' જોકે મારા વાંચવામાં ક્યાંક એવું પણ આવેલું છે કે અરબમાં ગઝલ નામનો માણસ હતો. ઇશુ બાજીમાં તેણે પોતાનું જીવન વ્યક્તિ કર્યું હતું. અને એજ વિષયના શેર વાંચતો રહેતો. જેથી લોકોએ ગઝલની યાદમાં તેના શેરને ગઝલ કહેવા લાગ્યા. ગઝલના અર્થ અંગે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. વિભિન્ન ભાષાના શબ્દકોશો અને વિદ્વાનોના પુસ્તકોમાં ગઝલની ૧૬ જેટલી વ્યાખ્યાઓ આપવામાં આવી છે. પણ એમ કહી શકાય કે ગઝલનો આત્મ છંદ છે. તો એ આત્માને શુદ્ધ કરનાર વસ્તુ કાફીયા છે. એની શુદ્ધતા જળવાય એ માટે પિંગળશાસ્ત્રીઓએ કાફિયામાં વણી લેવાતા અક્ષરોની વિગતવાર છણાવટ કરી કાફિયાના નવ પ્રકારના અક્ષરો ગણાવ્યા છે.

શેરની વ્યાખ્યા ફારસી કાવ્યશાસ્ત્રમાં કરવામાં આવી છે કે શેર એટલે ઇરાદાપૂર્વક લખાયેલ સમાય પ્રાસયુક્ત વાણી એનો અર્થ એ થયો કે ગઝલ સભાન અવસ્થામાં લખાતી હોય છે. શેરમાં વિચાર સૌંદર્ય, મોટ અને નાવિન્ય હોવા અત્યંત જરૂરી છે. ઉષ્ણતા અને વિશિષ્ટ અંદાજ એ જ તેનો અસલી મિલાજ છે. આ શેર જૂઓ.

'સાચવ્યું' તું એક જૂનું દર્દ મેં
અસર એની એક ધારી નીકળી,
ક્યાંક ફૂટી વેદનાની કુંપળો,
ઝંખનાની ક્યાંક ઝાડી નીકળી.

ફિલીપભાઇ કહે છે કે ગઝલ એ કોઇ છંદનું નામ નથી. કાવ્ય સ્વરૂપ છે. જે ઊર્મિકાવ્યનો એક પ્રકાર છે. ગઝલ પ્રણયલક્ષી ભાવને વાચા આપતી હોવાથી તેને પ્રેમની જબાન કહેવાય છે. જુઓ આ શેર.

'જેમની જુલ્ફે મહીં મારા ઉતારાઓ હતા,
રંજ છે કે એમને મુજ ઘર બનાવી ના શક્યો.'

ગઝલ અંગે વાત કરતાં ફિલીપભાઇ કહે છે કે ગઝલની આવશ્યક અંગો જેવા મત્લા, સાની મિસરા તેમજ કાફિયા અને રદિફનો અભ્યાસ કરવો જરૂરી બને. નિરુપણ શૈલી રંગ પ્રગટાવે જેને ગઝલિયત કહેવાય છે એક વિશિષ્ટ મિજાજની ગઝલ માટે એ અતિ આવશ્યક છે. તેમની ગઝલોના કેટલાક શેરો જોઇએ.

વેદનાને એ રીતે માપે સમય,
ઘાવ આપે રૂઝ પણ આપે સમય,
ક્યાં કદીએ કોઇને યે થાય છે,
તે બધાનો તોય કે'વાયે સમય,
જીવવાનું એક પ્રેરક બળ બની છે.
વેદનાઓ એટલે વ્હાલી કરી છે.

ગઝલનું ગઝલપણું સોનેટની માફક તેનું બંધારણ છે. ભલે તેમાં પ્રયોગો થતા હોય છતાં તેનું પરંપરાગત રૂપ જાણવું જરૂરી છે. જેમાં સચ્ચાઇ, સરળતા, સંસ્કારિતા, ઊંડાણ અને ચોટ હોવા જોઇએ. જેમ કે,

'ટોચની દૃષ્ટિ જ પાયામાં પડી.
ને ખવાતી ઇંટ નજરે ચડી.
વાત પછી શસ્ત્રની લો નીકળી,
ઘાવ કંઇ દેખાય છે તાજા ફરી.'

તો ગઝલ એ સૌંદર્ય પ્રધાન હૃદય આવેગ લક્ષી કાવ્ય પ્રકાર હોઇ એક સાચા હૃદયને છાજે તેવા પાસાં ધ્યાને લેવા જરૂરી છે. જો કે માનવ પ્રેમની દિવ્ય પ્રેમ તરફ દોરી જતી ગઝલોનો પ્રવાહ વેગવાન બન્યો છે અને ગુજરાતી ગઝલે આગવી ઓળખ ઊભી કરી છે તેમાં ફિલિપભાઇના આ શેર જૂઓ.

હાજરી હો એમની તો ઘર બને,
સાચનાએ સત્ય સમજાવી લીધું.
આભની ઓછી પડી વિશાળતા,
ઘર અમે આ તરસનું માપી લીધું.

ફિલિપ કલાર્કની ગઝલોને જોતાં ગુજરાતી ભાષા ગઝલ રચના માટે કેટલી સક્ષમ છે તે સાબિત થાય છે. તેનું કારણ તેમની જાગ્રતતા પણ છે. તેઓ કહે છે કે ગઝલ લેખનમાં સભાનતા જરૂરી છે અને કલાનું શિસ્ત હોવું પણ આવશ્યક છે. તેઓ ગઝલમાં આવતા ત્રણ દોષ અંગે અંગુલી નિર્દેશ કરતાં કહે છે કે - ભાષાગત, અર્થગત, અને કલાગત દોષો અંગે સભાન રહેવું જરૂરી છે. નિરાશા અને નકારાત્મકતા ફગાવી આશાવાદ અને પ્રેમ જગવી માનવજીવન ધન્ય બનાવે એ ગઝલોમાં જોવું પડે. આ દિશામાં તેઓ પ્રયત્નશીલ છે એમ તેમની ગઝલોને માણતા ભાવકને લાગ્યા વિના રહેતું નથી.

'હવાના હોઠ પર' ગઝલ સંગ્રહના ગઝલકાર, ફિલિપભાઇ કલાર્કનું સાહિત્યસર્જન બહોળું છે. આ ક્ષેત્રે ૧૯૮૨થી તેઓ કાર્યરત છે. તેમના કાવ્ય, ગીત, ગઝલ સંગ્રહો, આસ્વાદનાં અનેક પુસ્તકો અને ૧૫ જેટલાં બાળ સાહિત્યનાં પુસ્ટકો પ્રગટ થયેલાં છે. ગુજરાત સાહિત્ય અકાદમી અને સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત કવિનો આ તરોતાજા ગઝલ સંગ્રહ તેમણે જાણીતા કવિ, ગઝલકારો, હર્ષદ ત્રિવેદી, હરિકૃષ્ણ પાઠક, ડો. એસ.એસ. રાહી અને ભરત કવિ 'ઊર્મિલ' ને અર્પણ કર્યો છે. તેમનાં આ પુસ્તકને આવકારું છું અને ફિલિપભાઇને અભિનંદન પાઠવું છું.

હવાના હોઠ પર (ગઝલ સંગ્રહ)
લેખક - ફિલિપ કલાર્ક, પ્રકાશક - રન્નાદે પ્રકાશન, અમદાવાદ
કિંમત - રૂ. ૧૯૫ / -, પ્રથમ આવૃત્તિ - ૧૯૪

પ્રભુતામાં પગલાં...

લગ્ન વખતે પુરોહિતો 'સાવધાન' ના પોકારો કરે છે, તે પણ શા માટે? કંઈ સાવધાન રહેવા જેવું હશે ત્યારે જ ને? સ્વામી રામદાસ પોતાનાં લગ્ન વખતે પુરોહિતોના એ 'સાવધાન સાવધાન' પોકારો સાંભળીને એવા તો ચેતી ગયેલા કે લગ્નના માહ્યારાંમાથી જ ઉઠીને નાસી ગયેલા!

'લગ્ન પ્રાણવિકાસનું વ્રત છે. પરણવું તે તો પ્રભુતામાં પગલાં માંડવાં.' કવિશ્રી ન્હાનાલાલની આ પંકિતઓ એકવાર વાત વાતમાં મેં એક વડીલને સંભળાવી, તો એ મને કહે : શેના પ્રભુતામાં! પરણવું એટલે તો પ્રભુતામાં નહીં પણ પસ્તાવામાં પગલાં માંડયાં, સમજયો?

સૈકાઓથી પુરુષજાત આ વિચારતી આવી છે (ખાનગીમાં) કે 'પરણવું એટલે શું? પ્રભુતામાં પગલાં માંડવાં કે પસ્તાવામાં?' કેટલાક વડીલો ભલે આપણને સલાહ આપતાં હોય કે 'પરણ્યા વિના તે કંઈ ચાલે? કોઈનેય ચાલ્યું છે?' પણ બીજી બાજુ જગતના એક નહીં અનેક મહાપુરુષોએ તો ઉંધો જ અભિપ્રાય આપ્યો છે. એરિસ્ટોલથી માંડીને બર્નાર્ડ શો સુધીના ફિલસૂફો એક યા બીજા શબ્દોમાં કહેતા આવ્યા છે કે મેરેજ ઈઝ એ મિરેજ અર્થાત લગ્ન એ તો મૃગજળ છે અરે! લગ્ન વખતે પુરોહિતો 'સાવધાન' ના પોકારો કરે છે, તે પણ શા માટે? કંઈ સાવધાન રહેવા જેવું હશે ત્યારે જ ને? સ્વામી રામદાસ પોતાનાં લગ્ન વખતે પુરોહિતોના એ સાવધાન સાવધાન પોકારો સાંભળીને એવા તો ચેતી ગયેલા કે લગ્નના માહ્યારાંમાંથી જ ઉઠીને નાસી ગયેલાં!

આપણે ત્યાં લગ્નસમારંભમાં ઘોંઘાટ પણ કેટલો બધો કરવામાં આવે છે! એનું કારણ શું? વાજાં અને નગારાં, બેન્ડ, શરણાઈ દ્વારા લગ્નો વખતે ત્યાં જે પુષ્કળ ઘોંઘાટ કરવામાં આવે છે, તેની પાછળ મને વહેમ છે કે એક ખાસ કારણ છુપાયું છે. લગ્ન જેવી જબરદસ્ત જંજાળમાં ફસાવતી વખતે વર કે કન્યાને જરા પણ વિચારવાની તક આપવામાં પુરૂ જોખમ છે. એટલે વરકન્યાનાં સગાં એટલો બધો ઘોંઘાટ કરી મુકે છે કે પેલાં બિચારાંને પોતે શું કરી રહ્યાં છે તેનું ભાન જ નથી રહેતું. વરકન્યા આંખો મીંચેને પરણી બેસે છે. અને પછી જ, ઘરસંસાર ચાલવા માંડે છે ત્યારે એમને ખબર પડે છે કે લગ્ન એ મજા નથી, પ્રેમમાં પડયાની સજા છે! પણ પછી તો શું થાય? ઘણું મોડું થઈ ગયું હોય છે!

પાછી આ વાત તો આડ વાત થઈ. હું કહેતો એ હતો કે જગતના અનેક ફિલસૂફો લગ્નથી આટલા બધા ભડકતા કેમ રહ્યા હશે? દુનિયાના કેટલાય વિચારકો, વિદ્વાનો અને સાહિત્યકારો-હર્બર્ટ સ્પેન્સર, ગોલ્ડ સ્મિથ ચાર્લ્સ લેમ્બ, બાલ્ઝાક, ફલોબેર, શંકરાચાર્ય-કેટકેટલા ગણાવું? હું ભુલતો ન હોઉં તો એ બધાય કુંવારાપણાની તરફેણ કરતા હતા એટલું જ નહીં, એમાંના કેટલાક તો કુંવારા રહી શકયા હતા ને ભગવાનનો પાડ માનતા હતા! આવું કેમ હશે? લગ્ન કરવા દુનિયા આખી ઘેલી થઈ જાય છે, ત્યારે આ મહાપુરૂષો એનાથી આપણને ચેતાવતા કેમ રહ્યા હશે?

મને લાગે છે તેમ આનું કારણ એ છે કે લગ્ન એ ત્રણપગી દોડ છે. નિશાળમાં આપણે ત્રણપગની દોડની હરીફાઈ જોઈ હોય છે ને? એક હરીફના જમણા પગ સાથે બીજા હરીફનો ડાબો પગ બાંધવામાં આવે છે. પછી બે જણે ભેગા કુલ ત્રણ પગની મદદથી દોડવાનું હોય છે. લગ્નમાં પણ એવું જ હોય છે, નહીં?

પણ મઝા તો એ છે કે, આ ત્રણપગી દોડમાં વરકન્યા ગાંઠ બંધાવી હરીફાઈમાં ઉતરે છે તો ખરાં, થોડાં ડગલાં ખુશખુશાલ થઈ સાથે ચાલે છે પણ ખરાં. પણ પછી મુસીબત ઉભી થાય છે. એક કહે છે, 'ચાલો ઉત્તરમાં, અને બીજુ કહે છે, 'ઉહું, દક્ષિણમાં!' એકને સભામાં જવું હોય છે તો બીજાને સિનેમામાં, એકને શહેરમાં રહેવું હોય છે તો બીજાને સોસાયટીમાં, આર્યપુત્રને ઘરખર્ચનો પાઈએ પાઈનો હિસાબ રાખવાની ટેવ હોય છે, જયારે પત્નીને પૈસા ક્યાંથી આવ્યા, ક્યાં ગયા તે જ યાદ નથી હોતું! અને એટલે ઉભી થાય છે મુસીબત! 'તું કશું સમજતી જ નથી,' આર્યપુત્ર કહે છે : 'તમારા સ્વભાવથી તો હું થાકી,' આર્યપુત્રી કહે છે - ને પછી બંનેય એકબીજાને સમજવાનું બંધ કરે છે, એકબીજાથી થાકી જવાનું શરૂ કરે છે!

સાચા કવિને જેમ કદી પ્રેરણાની ખોટ પડતી નથી, તેમ જીવનમાં રિસામણાં માટે કારણોની ખોટ નથી પડતી. સોમવારે તમે મિત્રને ત્યાં જઈને જુઓ તો ભાઈસાહેબ દાંત પીસીને છાપું વાંચતા હોય છે, ને બેનસાહેબ હોઠ બીડી, જાણે તલવાર ફેરવતાં હોય એટલા ગુસ્સાથી અને જુસ્સાથી સ્વેટર ગૂંથી રહ્યાં હોય છે. રસોઈ આરંભાઈ નથી હોતી, વાતાવરણ ગમગીન હોય છે. જોતાં જ તમને થાય છે કે લગ્ન જીવનમાં અબીલગુલાલ બરાબરનાં ઉડી રહ્યાં છે! ધીમે ધીમે વાત કઢાવતાં, ફરિયાદો સાંભળતાં, તમે સમાધાનના પ્રયત્નો આરંભો છો અને હવામાં શબ્દો ઘૂમી રહે છે : ના, ના તમે જ કહોને, મારો જરા પણ વાંક છે?' 'ના, બધો મારો જ વાંક છે. તમે તો એક અક્ષરેય બોલ્યા જ નથી!' 'પણ તું મારૂં સાંભળ તો ખરી!' તે સાંભળું જ છું ને? એવું હતું તો મને પરણ્યા જ શું કામ?' 'ખબર હોત તો ના પરણત!' જુઓ, જુઓ, કેવું બોલે છે? જરાય શરમ છે? ઉપરથી આ તો...' તું રો નહીં કહું છું, તું રો નહીં, ભાઈસાબ હીં તો પછી હું પણ.... 'તો રોઉં નહીં તો શું કરૂં? તમને તો જરા જરામાં ચિડાઈ જવાની ટેવ છે.' 'જો, તું મને 'ચિડાઈ ગયા, ચિડાઈ ગયા'' ન કહે, નહીં તો હું ખરેખર ચિડાઈ જઈશ. અને એ બધી આતશબાજી અંતે તમને તેનું મુળ જણાશે કે બેન હિસાબ ગણવામાં જરા કાચાં હોવાથી સાડીવાળાને સત્તર રૂપિયા સાડાદશ આનાને બદલે સાડાઅગિયાર આના આપી આવ્યાં હોય છે, અને એમાંથી આ બધું આરંભાયું હોય છે! પતિને લાગતું હોય છે કે મનુષ્યને જેટલી બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા છે. જગતને જેટલી શાંતીની જરૂર છે. કવિને જેટલી કાગળની જરૂર છે, બેકારોને જેટલી લાગવગની જરૂર છે અને શરદીને જેટલી રૂમાલની જરૂર છે એટલી જ જરૂર છે પોતાને નવી સાડીની છે. સાડીની વાત ન હોય તો બીજા ઘરખર્ચની વાત હોય. (ખબર છે ને? કો કે તો કહેલું કે 'પત્નીઓ ઘણીવાર પોતાના પતિના હાથમાં હાથ રાખીને ફોટો પડાવે છે, એને બદલે પતિના ખિસ્સામાં હાથ રાખીને ફોટો પડાવવા જોઈએ, કારણ એ જ લગ્નજીવનનું સાચું ચિત્ર છે!)'

(બકુલ ત્રિપાઠી લિખિત 'સચરાચર'માંથી)

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

આપણા નરવા-ગરવા હાસ્યલેખક લગ્ન વિશે શું વિચારે છે? - વાંચો !

બોલો, તમે કદી કુદરતની સામે પડશો?

સત્કાર્ય માટે પ્રત્યેક પળ શુભ મુરત છે અને કુકર્મ માટે પ્રત્યેક પળ અશુભ મુરત છે. આ માર્મિક વાત જાણ્યા પછી 'મુરત જોવાની' પળોજણ છૂટી જાય છે. મુરત જોવાનું કામ મૂરખનું છે, કામ (કર્મ)ની કવોલિટી જોવાનું કામ સજ્જનનું છે. શુભ મુરતે શરૂ કરેલું દરેક કામ સફળ થવાની ગેરેન્ટી નથી અને અશુભ મુરતે શરૂ કરેલું કામ દરેક વખતે નિષ્ફળ જતું નથી. આ આપણા સૌનો અનુભવ છે. જરાક પાછાં પગલે પોતાની લાઈફમાં જઈને તટસ્થ અવલોકન કરીએ તો ખ્યાલ આવશે કે આપણે શુભ ચોઘડિયું અને શુભ મુરત જોઈને જે કામ આદર્યું હતું એ ખરેખર કેટલું સફળ થયું હતું અને એ કાર્યમાં કેટકેટલા અવરોધોનો સામનો કરવો પડયો હતો. જો શ્રેષ્ઠ મુરત દ્વારા જ સિદ્ધિ મળી જતી હોત તો જગતમાં કોઈ નિષ્ફળ અને નિરાશ હોત ખરું?

સારા મુરતમાં કરેલું કામ પણ નિષ્ફળ જાય ત્યારે આપણે ગયા જન્મનાં પાપકર્મોનાં ફળનું વાજું વગાડવા મંડી પડીએ છીએ. ગયા ભવનાં પાપકર્મો વર્તમાન ભવમાં આડાં આવે ખરાં? માત્ર અંધશ્રદ્ધાના આધારે કોઈ જવાબ ન આપવો જોઈએ. ક્યારેક તો એવુંય અચરજ જોવા મળે છે કે વ્યકિતને મળેલા સારા-નરસા રિઝલ્ટ માટે તેના વર્તમાન જન્મનાં કૃત્યોને જવાબદાર માનવામાં આવે છે. કોઈ માણસને ગંભીર રોગ લાગુ પડે ત્યારે કહેવાય છે કે એ માણસે તેનાં ઘરડાં મા-બાપને હડધૂત કર્યા હતાં, હરામની કમાણી બહુ ખાધી હતી એનું જ આ પરિણામ છે. એક સરકારી અધિકારીની કારને એક્સિડન્ટ થયો અને તેનો એકનો એક યુવાન પુત્ર મૃત્યુ પામ્યો ત્યારે લોકો ખાનગીમાં કહેતા હતા કે એ સરકારી અધિકારીએ ભરપૂર લાંચ લીધી હતી, બેઈમાની કરી હતી એનું આ પરિણામ છે. આપણને પ્રશ્ન થાય કે બાપ બેઈમાન હોય તેની પનિશમેન્ટ એના પુત્રને મળે ખરી? અને જો એમ થાય તો કુદરતના કાનૂનમાં ઈન્સાફ છે એવું માનવાનું કોઈ જ કારણ રહે ખરૂં? એ સરકારી અધિકારીને તો એક્સિડન્ટમાં ખરોચ પણ નહોતી આવી. ગુનેગારને માફી અને નિર્દોષને સજા એવો શું કુદરતનો દસ્તૂર છે ? મેં એક શ્રધ્ધાળુ અને ધાર્મિક કહેવાતા મહાશયને આ પ્રશ્ન પૂછયો ત્યારે તેમણે જે ઉડાઉ જવાબ આપ્યો એ સાંભળો. એ મહાશયે કહ્યું કે કુદરતે ખરી સજા તો એ સરકારી અધિકારીને જ આપી છે. હવે આખી જિંદગી તેને પુત્રના વિરહમાં ગુજારવી પડશે. પુત્ર તો છૂટી ગયો અને અધિકારી રિબાશે. કુદરતનો ઈન્સાફ ઝટ સમજાય એવો નથી હોતો.

મેં એ મહાશયને કહ્યું, 'કુદરતના ઈન્સાફની વાત છોડો, મને તો તમારી અંધશ્રધ્ધા નથી સમજાતી. કુદરત જો એક્સિડન્ટ દ્વારા એ સરકારી અધિકારીને રિબાવવા માગતી હોય તો એ અધિકારીના જ હાથ-પગ ભાંગીને તેને અપંગ કરી દેવો જોઈતો હતો. તેને લાચાર અને ઢસરડા કરતો કરી નાખવો જોઈતો હતો. તેના દીકરાને શો વાંક હતો? તેને કુદરતે કેમ મારી નાંખ્યો ?'

પેલા મહાશય હરી-ફરીને અંધશ્રધ્ધાના ખોળામાં બેસીને બોલ્યા, 'શકય છે કે એમાં તેના દીકરાનાં ગયા ભવનાં પાપ કારણભૂત હોય.'

બિરદાર, ક્યાંક તો અટકો ! ક્યાં સુધી આમ ખોટા રવાડે ભટકશો? સરકારી અધિકારીની પત્ની કયા કારણે લાઈફટાઈમ પુત્રના વિરહમાં વ્યથા પામવાની સજા પામી?

બસ, ચક્કર ચલાવ્યે રાખવાનાં. આધાર અને તર્ક વગરના ગપગોળા ગબડાવ્યે રાખવાના.

આ અધ્યાત્મ નથી, આ અધમ ચિંતન છે.

હમણાં ગયા અઠવાડિયે જ એક આચાર્ય સાધુ સાથે સહજ વાતચીતમાં મેં કહ્યું કે 'હું શુભ-અશુભ મુરતમાં માનતો નથી. ખરાબ ચોઘડિયાંમાં શુભ કાર્ય કરીને હું વારંવાર સફળ થયો છું.'

એ આચાર્યે મને જણાવ્યું કે, 'રોહિતભાઈ, કુદરતની સામે કદી ન પડશો. કુદરતની સામે બાથ ભીડવાથી બરબાદ જ થવાનો વારો આવે.'

મેં કહ્યું, 'મહારાજ, હું ક્યાં કુદરતની સામે બાથ ભીડી રહ્યો છું? કુદરતની સામે બાથ તો તમે ભીડી રહ્યા છો. તમે કુદરતને કહો છો કે તારાં અમુક ચોઘડિયાં સારાં છે અને અમુક ચોઘડિયાં ખરાબ છે. કુદરતના આયોજનમાં અંધશ્રધ્ધા તો તમે બતાવો છો. હું તો ઊલટાનો કુદરતનો છલોછલ આદર કરું છું કે હે કુદરત ! મને તારા પર ભરપૂર ભરોસો છે. તારી પ્રત્યેક પળ શુભ મુરત છે. તું મને જે સમયે જે કાર્ય કરવા પ્રેરણા આપે છે એ જ પળે હું એ કાર્ય કરવા ઉત્સુક છું. મુરત જોવાના બહાને વાયદા-વિલંબ કરવાનું કે અંધશ્રધ્ધામાં અટવાઈ જવાનું મને પસંદ નથી અને મંજુર પણ નથી. હું હંમેશાં તારો આદર કરીશ.'

એ આચાર્યને મારી વાત ખૂબ ગમી ગઈ અને તેમના મુખમાંથી આનંદ સાથે ઉદ્ગાર સરી પડયો : નો પ્રોબ્લેમ.

રોહિતોપદેશ

- રોહિત શાહ